પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૯ | ૧ ફેબ્રુઆરી, ૨૦૨૨, મંગળવાર; પોષ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જીડીપી વૃદ્ધિ દર ૮.૫ ટકાનો અંદાજ

**કેન્દ્રીય બજેટ સત્રનો પ્રારંભ : નાણામંત્રી નિર્મલા સીતારમણે આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું : ચાલુ નાણાકીય વર્ષ માટે ગ્રોથ રેટ ૯.૨ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરાયો, આર્થિક સર્વેક્ષણ રજૂ થયા બાદ લોકસભાની કાર્યવાહી સ્થગિત થઈ**




નવી દિલ્હી, તા.૩૧

આજથી બજેટ સત્ર શરૂ થઈ ગયું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણ બાદ નાણામંત્રી નિર્મલા સીતારમણે આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું. બજેટ સત્ર શરૂ થતા પહેલા આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મીડિયા સાથે વાત કરી. પીએમ મોદીએ કહ્યું કે વારંવાર ચૂંટણી સત્રને પ્રભાવિત કરે છે. ચૂંટણી પોતાની જગ્યાએ છે પરંતુ બજેટ સત્રનું પણ પોતાનું મહત્વ છે. ચૂંટણીના કારણે સંસદમાં ઉઠનારા મુદ્દાઓ પ્રભાવિત ન થવા જોઈએ. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણ બાદ લોકસભામાં નાણામંત્રી નિર્મલા સીતારમણે આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું. સમીક્ષામાં ચાલુ નાણાકીય વર્ષ માટે ગ્રોથ રેટ ૯.૨ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરાયો. આગામી નાણાકીય વર્ષ માટે કહેવાયું કે અર્થવ્યવસ્થા વધવાનો દર ઘટીને ૮ થી ૮.૫ ટકા વચ્ચે રહી શકે છે. મુખ્ય નાણાકીય સલાહકાર વી. અનંત નાગેશ્વરન સાંજે આર્થિક સર્વેક્ષણને લઈને મીડિયાને સંબોધિત કરશે.

લોકસભાની કાર્યવાહી આર્થિક સર્વેક્ષણ રજૂ થયા બાદ સ્થગિત થઈ ગઈ. ત્યારબાદ ૨.૩૦ વાગે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થવાની છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાના કપરા કાળમાં પણ ભારતે પડકારોનો સામનો કર્યો : રાષ્ટ્રપતિ

**૬૪ હજાર કરોડ રૂપિયાના ખર્ચે આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે : રાષ્ટ્રપતિ કોવિંદ**

નવી દિલ્હી, તા.૩૧

આજથી સંસદના બજેટ સત્રની શરૂઆત થઈ ગઈ છે. વર્ષનું આ પહેલું સત્ર છે માટે પરંપરાગત રીતે તેની શરૂઆત રાષ્ટ્રપતિના અભિભાષણ સાથે થઈ હતી. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણ બાદ નાણા મંત્રી નિર્મલા સીતારામણ આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યો હતો.



રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દેશના વીરોને નમન કરીને પોતાના અભિભાષણની શરૂઆત કરી હતી. તેમણે કહ્યું કે, 'હું દેશના એ લાખો સ્વાધીનતા સેનાનીઓને નમન કરૂં છું જેમણે પોતાના કર્તવ્યોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી અને ભારતને તેના અધિકાર અપાવ્યા. આઝાદીના આ ૭૫ વર્ષોમાં દેશની વિકાસ યાત્રામાં પોતાનું યોગદાન આપનારા તમામ મહાનુભવોનું પણ હું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરૂં છું.'

રાષ્ટ્રપતિ કોવિંદે કહ્યું કે, 'કોરોનાએ મુશ્કેલીઓ વધારી પરંતુ ભારત આજે સૌથી વધારે વેક્સિનેશન ધરાવતો દેશ છે. કોરોના વેક્સિનનો ત્રીજો ડોઝ અને યુવાનોને પણ રસી અપાઈ રહી છે. સરકાર ભવિષ્યની તૈયારીઓમાં લાગી છે માટે ૬૪ હજાર કરોડ રૂપિયાના ખર્ચે આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે. ૮ હજાર કરતાં પણ વધારે જન ઔષધિ કેન્દ્ર છે જેના દ્વારા સસ્તી દવાઓ મળે છે. સરકારના પ્રયત્નોના કારણે આયુર્વેદને પ્રોત્સાહન મળ્યું છે.'

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણી પ્રચારમાં હજારની સભાને મંજૂરી

**ચૂંટણી રેલીઓ પરનો પંચે પ્રતિબંધ ન હટાવ્યો : ઈનડોર બેઠકમાં ૩૦૦ની જગ્યાએ ૫૦૦ લોકો સામેલ થઈ શકે છે**

નવી દિલ્હી, તા.૩૧

ચૂંટણી પંચે રેલીઓ પર લાગુ કરેલા પ્રતિબંધ આજે સોમવારે પણ હટાવ્યા નથી. જોકે ચૂંટણી પ્રચાર પર લાગેલા પ્રતિબંધમાં કેટલીક છુટછાટ આપી છે. હવે એક હજાર લોકોની સાથે સભાની પરવાનગી છે. આ સિવાય ડોર ટુ ડોર કેમ્પેનમાં પણ પહેલા કરતા વધારે લોકો સામેલ થઈ શકે છે. કોરોના મહામારી કંટ્રોલમાં આવ્યા બાદ ચૂંટણી પંચે સોમવારે આ નિર્ણય લીધો છે.

ચૂંટણી પંચે સોમવારે નિર્ણય લીધો છે કે હવે ૫૦૦ના બદલે ૧૦૦૦ લોકોની સભા કરવામાં આવી શકે છે. આ સિવાય ડોર ટુ ડોર કેમ્પેઈન હવે ૧૦ની જગ્યાએ ૨૦ લોકોની સાથે કરી શકાશે. ઈનડોર બેઠકમાં ૩૦૦ની જગ્યાએ ૫૦૦ લોકો સામેલ થઈ શકે છે. પંચે છેલ્લી બેઠકમાં પ્રથમ અને બીજા તબક્કા માટે રેલીની પરવાનગી આપી હતી પરંતુ ૫૦૦ની સંખ્યા સીમિત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## મ.પ્ર.માં ભાજપનાં નેતાની ગૌશાળામાં ગાયોનાં મોત

**ગૌશાળાના કૂવામાંથી ૨૦ ગાયોના મૃતદેહ મળ્યા જ્યારે ૭૫ કરતાં વધારે ગાયોના મૃતદેહ-હાડપિંજર મળી આવ્યા**

ભોપાલ, તા.૩૧

ભોપાલમાં રવિવારે અનેક ગાયોના મોતને લઈ સનસનાટી મચી ગઈ હતી. બૈરસિયા ખાતે ભાજપના મહિલા નેતા નિર્મલા દેવી શાંડિલ્યની ગૌશાળા ખાતે ગાયોના મોત થયા હતા. ગૌશાળાના કૂવામાંથી રવિવારે ૨૦ ગાયોના મૃતદેહ મળી આવ્યા હતા. જ્યારે ૭૫ કરતાં પણ વધારે ગાયોના મૃતદેહ અને હાડપિંજર મેદાનમાં વિખરાયેલા મળી આવ્યા હતા. રવિવારના આગલા દિવસે પણ ગૌશાળામાં ૮ ગાયોના મોત થયા હતા અને આ મામલે કોંગ્રેસને ભાજપ પર નિશાન સાધવાની તક મળી ગઈ છે. ગાયોના મૃત્યુની ખબર ફેલાતાં જ ઘટના સ્થળે લોકોની ભીડ જામવા લાગી હતી અને લોકો ગાયોની સ્થિતિ જોઈને ભડકી ઉઠ્યા હતા. ત્યાર બાદ લોકોએ ગૌશાળાના સંચાલિકા નિર્મલા દેવીની ફરિયાદ કરી હતી અને તેમના વિરૂદ્ધ કેસ દાખલ થયો હતો. આ અંગે જાણ થયા બાદ પ્રશાસને તાત્કાલિક આરોપી મહિલા પાસેથી ગૌશાળાનું સંચાલન છીનવીને પોતાના હાથોમાં લઈ લીધું હતું. આ દરમિયાન લોકોનો વિરોધ અને તણાવ વધી રહ્યા હોવાથી મોટી સંખ્યામાં પોલીસ બળ તૈનાત કરવામાં આવ્યું હતું. જાણવા મળ્યા મુજબ નિર્મલા દેવી ૧૮ વર્ષ કરતાં પણ વધારે સમયથી ગૌશાળાનું સંચાલન કરી રહ્યા હતા.

આ ઘટના અંગે જાણકારી મળ્યા બાદ કલેક્ટર અવિનાશ લવાનિયા અને અનેક પ્રશાસનિક અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા.

## ઓમિક્રોનના બીએ. ૨ થી વિશ્વના વૈજ્ઞાનિકો અને તબીબો ચિંતિત

**વિશ્વભરમાં ઓમિક્રોનનો હાહાકાર : વૈજ્ઞાનિકો દ્વારા બીએ.૨ના વધતા કેસો પર સતત નજર**

શિકાગો, તા.૩૧

દુનિયાના ઘણાં દેશોમાં ઓમિક્રોનના કેસ હાહાકાર મચાવી રહ્યા છે, ઓમિક્રોનના વાયરસ ડેલ્ટા કરતા હળવો હોવાથી સ્થિતિ કાબૂમાં છે પરંતુ ઘણાં દેશોમાં કેસ પીક પર પહોંચી રહ્યા છે. જેમાંથી એક ભારત પણ છે કે જ્યાં મોટી સંખ્યામાં કેસ નોંધાઈ રહ્યા છે. પરંતુ હવે ઓમિક્રોન એટલે કે બીએ.૧નો કઝિન (પિતરાઈ) બીએ.૨ પણ ચિંતા વધારી રહ્યો છે, બીએ.૨ને લઈને વૈજ્ઞાનિકોએ ચિંતા વ્યક્ત કરી છે.

વૈજ્ઞાનિકો દ્વારા બીએ.૨ના વધતા કેસો પર સતત નજર રાખવામાં આવી રહી છે, જેમાં એશિયા અને યુરોપમાં બીએ.૨ના કેસોની સંખ્યા વધી રહી છે. આ સબવેરિયન્ટને લઈને વૈજ્ઞાનિકો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

દુનિયાભરમાં કોરોનાના નવા કેસમાં વધારો થવાનું કારણ મોટાભાગે ઓમિક્રોન જ છે, આવામાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા જણાવવામાં આવી રહ્યું છે કે ઓમિક્રોનના સબવેરિયન્ટ બીએ.૨ના તાજેતરમાં કેટલાક દેશોમાં કેસ વધી રહ્યા છે.

ડબલ્યૂએચઓદ્વારા ઓમિક્રોનના બીએ.૧ અને બીએ.૨ની સાથે વધારાના વેરિયન્ટ બીએ.૧.૧.૫૨૯ અને બીએ.૩ પણ નોંધ્યા છે, આ સાથે તે આગળ જતા બદલાતા વેરિયન્ટ પોતાનું સ્વરુપ પણ બદલી શકે છે.

ફ્રેડ હચિન્સન કેન્સર સેન્ટરમાં ફરજ બજાવતા વાયરોલોજીસ્ટ ટ્રેવર બેડફોર્ડે શુક્રવારે કરેલા ટ્વિટમાં જણાવ્યું છે કે, બીએ.૨ના ડેનમાર્કમાં આશરે ૮૨% કેસ, ૯% યુકેમાં અને યુએસમાં ૮% છે, તેમણે આ અભ્યાસ જીઆઈએસએઆઈડીડેટાબેસ અને ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં નોંધવામાં આવતા દુનિયાભરના આંકડા પ્રમાણે કર્યો છે.

ઓમિક્રોન વેરિયન્ટનું બીએ.૧ વર્ઝન અમુક હદ સુધી અગાઉના વેરિયન્ટ કરતા ટ્રેક કરવું સરળ છે. કારણ કે બીએ.૧ ત્રણ જીન્સમાંથી એકનેઁ ઝઇ ટેસ્ટમાં છોડી દે છે. આ પેટર્ન બતાવતા કેસોને ડિફોલ્ટ રીતે બીએ.૧નું કારણ માનવામાં આવે છે. બીએ.૨ને ક્યારેક 'છૂપો' વેરિયન્ટ માનવામાં આવે છે, તેનામાં કોઈ જીન છૂટતા નથી. આમ વૈજ્ઞાનિકો તેને જૂના વેરિયન્ટની જેમ જ મોનિટરિંગ કરી રહ્યા છે, તેમાં ડેલ્ટાનો પણ સમાવેશ થાય છે, જેમાં વાયરસના જીનોમ્સના આધારે તપાસ કરાય છે.

## વિદેશી બેન્ક ખાતા સંદર્ભે અનેક લોકોને નોટિસ-સમન્સ

**વિદેશી સંપત્તિ તપાસ એકમ દ્વારા કેટલીક વ્યક્તિને નોટિસ : કેટલીક વ્યક્તિઓને છેલ્લા બે દાયકાની નિવાસની સ્થિતિ, પાસપોર્ટ નકલો અને નામ શેર કરવાનું કહેવામાં આવ્યું**

નવી દિલ્હી, તા.૩૧

વિદેશી સંપત્તિ તપાસ એકમ (એફએઆઈયુ) દ્વારા કેટલીક વ્યક્તિઓની તપાસ, પુનર્મૂલ્યાંકન અને ટેક્સ માટે ૨૦૦૧ બાદથી ઓફશોર બેંક એકાઉન્ટ, છેલ્લા બે દાયકાની નિવાસની સ્થિતિ, પાસપોર્ટ નકલો અને નામ શેર કરવાનુ કહેવામાં આવ્યુ છે. વિદેશી સેવા પ્રદાતા એવી વ્યાવસાયિક સંસ્થાઓ છે કે જેઓ નાણા રાખવા માટે ટેક્સ હેવન વાહનો અને ટ્રસ્ટો સ્થાપે છે. એફએઆઈયુએ આઈટીવિભાગ હેઠળ નવરચિત વિંગ છે. એર ઈન્ડિયા અને સિંધિયા હાઉસ કાર્યાલયોમાં એફએઆઈયુ પ્રકોષ્ઠો દ્વારા છેલ્લા ૧૦ દિવસ દરમિયાન નોટિસ અને સમન્સ જારી કરવામાં આવ્યા હતા.

આયકર અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૩૧ (૧એ) હેઠળ જારી નોટિસના પ્રાપ્તકર્તાએ બેંક ખાતાના પરિચયકર્તા કે ગેરેન્ટર જો કોઈ હોય તો તેનુ નામ જણાવવુ પડશે. તેમણે એ પણ સૂચિત કરવુ પડશે કે શુ આ ખાતાનો ટેક્સ રિટર્નમાં ખુલાસો કરવામાં આવ્યો હતો, શુ ખાતામાં જમા કરવામાં આવેલા રૂપિયા પર ટેક્સની ચૂકવણી કરવામાં આવી હતી, સ્રોત અને સહાયક દસ્તાવેજો સાથે ખાતા અને વ્યવહારો ખોલવાની અને બંધ કરવાની તારીખથી બેંક વિગતો પ્રદાન કરો.

જ્યાં સુધી વ્યાપક અવધિ માટે ડેટા માગવામાં આવ્યા છે, તથ્યોની અનુમિત છે, એ સંભવ

● અનુસંધાન પાન-૭ પર

## અખિલેશ સામે ભાજપે કેન્દ્રીય મંત્રી બઘેલને મેદાનમાં ઊતાર્યા

**સપાના અધ્યક્ષે કરહલ બેઠક પરથી ઉમેદવારી નોંધાવી : એસપી સિંહ બઘેલ આગ્રાના સાંસદ છે, ભાજપ દાવ રમ્યો**

મૈનપુરી, તા.૩૧

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે



આજે મૈનપુરીની કરહલ વિધાનસભા બેઠક પરથી નામાંકન કર્યુ પરંતુ આ વચ્ચે ભાજપે મોટો દાવ રમ્યો છે. કેન્દ્રીય કાનૂન રાજ્ય મંત્રી એસપી સિંહ બઘેલે પણ કરહલ બેઠક પરથી નામાંકન દાખલ કર્યુ છે. તેઓ કરહલથી ભાજપના ઉમેદવાર રહેશે અને અખિલેશ યાદવને પડકાર આપશે. એસપી સિંહ બઘેલ આગ્રાના સાંસદ પણ છે.

કરહલથી કેન્દ્રીય મંત્રી એસપી સિંહ બઘેલને ઉમેદવાર બનાવ્યા બાદ યુપીના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ ટ્વીટ કરી, કરહલથી જીતશે બીજેપી, જીતશે પ્રો એસપી સિંહ બઘેલ, ૨૦૨૨માં કરહલથી ચૂંટણી હારશે યાદવ અખિલેશ, જીતશે ભાજપ, ખિલશે કમલ, રહેશે સુશાસન, થતો રહેશે વિકાસ' સૈફઈથી કરહલની વચ્ચે લગભગ ૩૦ કિમીના અંતરે અખિલેશ યાદવનુ દરેક સ્થળે ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યુ. રથ પર સવાર સપા અધ્યક્ષ હાથ હલાવીને જનતાનુ અભિવાદન કરતા રહ્યા. લગભગ એક વાગે અખિલેશ યાદવ મૈનપુરી ક્લેક્ટ્રેટ પહોંચ્યા અને પોતાનુ નામાંકન દાખલ કર્યુ.

## દેશમાં કોરોનાના કેસ ઘટ્યા દૈનિક મૃત્યુનો આંક વધ્યો

**નવા ૨૦૯૯૧૮ કેસ નોંધાયા : ૮૯૩ મોત**

નવી દિલ્હી,તા.૩૧

દેશમાં કોરોનાના નવા કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. નવા ૨.૦૯ લાખની આસપાસ કેસ નોંધાયા છે. જો કે મૃત્યુઆંક વધી રહ્યો છે તે ચિંતાજનક છે. ગઈ કાલે દેશમાં કોરોનાના નવા ૨,૩૪,૨૮૧ કેસ નોંધાયા હતા જ્યારે ૮૯૩ના એક દિવસમાં મોત નોંધાયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાંથી નવા ૨,૦૯,૯૧૮ કેસ નોંધાયા છે. આ દરમિયાન ૨,૬૨,૬૨૮ કોરોનાને માત આપીને રિકવર પણ થયા છે. હાલ દેશમાં ૧૮,૩૧,૨૬૮ દર્દીઓ સારવાર હેઠળ છે જે કુલ કેસના ૪.૪૩% છે. ડેઈલી પોઝિટિવિટી રેટ ૧૫.૭૭% છે. નવા કેસમાં ૧૦.૪%નો ઘટાડો જોવા મળ્યો છે. નવા કેસ તો ઘટવા માંડ્યા છે પણ મોતનો આંકડો વધી રહ્યો છે તે ચિંતાજનક બાબત કહી શકાય.

## મધ્યપ્રદેશમાં શાળા ૫૦ ટકા ક્ષમતા સાથે શરૂ કરવા નિર્ણય

ભોપાલ, તા.૩૧

મધ્ય પ્રદેશમાં સ્કુલ ૧ ફેબ્રુઆરીથી ખુલી જશે. ધોરણ ૧થી ધોરણ ૧૨ સુધી ૫૦% ક્ષમતા સાથે સંચાલિત કરવાનો નિર્ણય કરાયો છે. રહેણાંક શાળાઓ અને છાત્રાલયો પણ ૫૦% ક્ષમતા સાથે ખોલવામાં આવી શકશે.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે બે દિવસ પહેલા કહ્યુ હતુ કે સ્કુલ ખોલવાનો નિર્ણય ચિકિત્સા

● અનુસંધાન પાન-૭ પર

## કાનપુરમાં રવિવાર મોડી રાત્રે બેકાબૂ ઈ-બસે છ લોકોને કચડ્યા

**બેકાબૂ ઇલેક્ટ્રિક બસએ ૧૭ વાહનોને ટક્કર મારી : બસ તેજ ગતીમાં હતી ત્યારે ઘંટાઘર ચાર રસ્તાથી ટાટમિલ તરફ જઇ રહી હતી પૂલ ઉતરતા જ ચાલકે બસને ઉલ્ટી દિશામાં દોડાવવાની શરૂ કરી દીધી**

કાનપુર,તા.૩૧

કાનપુરમાં ગત રાત્રે ટાટમિલ ચાર રસ્તા પાસે બેકાબૂ ઈલેક્ટ્રિક બસએ ૧૭ વાહનોને ટક્કર મારી હતી. આ ઘટનામાં ૬ લોકોનાં ઘટના સ્થળે મોત થયા છે જ્યારે ડઝનથી વધુ લોકો ઘાયલ છે. જેમાં ત્રણની હાલત નાજૂક છે. ઘાયલમાંથી ૭ લોકોને ટાટમિલ સ્થિત કૃષ્ણા હોસ્પિટલ અને ચારને હૈલત હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. જેમાં ઘણાંની હાલત ગંભીર છે તે લોકોને કચડ્યા બાદ ભાગવાનો પ્રયાસ કરતો હતો તે સમયે ઈ-બસ ટાટમિલ ચાર રસ્તા પાસે ડંપરને અથડાઈ અને આ સમયે બસ ડ્રાઈવર ત્યાંથી ભાગી છુટ્યો. પ્રાપ્ત માહિતી મુજબ, રવિવારે મોડી રાત્રે આશરે સાડા અગ્યાર વાગ્યે ઈલેક્ટ્રિક બસ તેજ ગતીમાં હતી ત્યારે ઘંટાઘર ચાર રસ્તાથી ટાટમિલ તરફ જઈ રહી હતી પૂલ ઉતરતા જ ચાલકે બસને ઉલ્ટી દિશામાં



દોડાવવાની શરૂ કરી દીધી અને જે પણ વચ્ચે આવતા તેમને કચડા આગળ નીકળવા લાગી. આ દૂર્ઘટનામાં છ લોકોનાં ઘટના સ્થળે મોત થઈ ગયા છે. અને ત્રણની ઓળખ થઈ ગઈ છે. આ ઘટનામાં જીવ ગુમાવનારમાં લાટૂશ રોડ નિવાસી, ૨૬ વર્ષીય શુમ સોનકર, ૨૫ વર્ષિય ટ્વિંકલ સોનકર અને બેંકનગંજનાં રહેવાસી ૨૪ વર્ષિય અરસલાન શામેલ છે.